# ICT-PHOTO

G20
Sheth Shree B.C.Shah Arts College,Vadali
NCC Department
Debates & Quiz Competitions

G20
Sheth Shree B.C.Shah Arts College,Vadali
NCC Department
Debates & Quiz Competitions

PPT LACTURE PHOTO

# NATIONAL SEMINAR

## વડાલી આર્ટસ કોલેજમાં રાષ્ટ્રીય સેમિનાર

વડાલી તા.૨૩

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને વડાલીની શેઠ .બી.સી.શાહ આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે ગત સોમવારે સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી દીર્ઘ નાટક વિષય પર રાષ્ટ્રીય સેમિનાર મંડળના પ્રમુખ તખતસિંહ હડિયોલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.આ સેમિનારમાં સમગ્ર ગુજરાતની વિવિધ યુનિવર્સિટીની કોલેજોમાંથી ઉપસ્થિત પ્રોફેસર અને શોધાર્થીઓને ડા.મહેશ ચંપકલાલ, ડા.દિપક રાવલ સહિત વક્તાઓએ વ્યાખ્યાન આપ્યા હતા.આ સેમિનારમાં શોધપત્રના અધ્યક્ષ તરીકે બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન ડા.યશોધર રાવલે કામગીરી બજાવી હતી.



SHETH SHREE BHURALAL CHHAGANLAL SHAH ARTS COLLEGE, VADALI

શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ,વડાલી

રાષ્ટ્રીય સેમિનારનો અહેવાલ



SHETH SHREE BHURALAL CHHAGANLAL SHAH ARTS COLLEGE, VADALI

PROJECT WORK

2022-23

Krunalkumar Natubhai Parmar
Roll No : 47

Niteshkumar Muljibhai Parmar
Roll No :66

SHETH SHREE B.C. SHAH
ARTS COLLEGE, VADALI

Scanned with CamScanner

## સાબરકાંઠા જિલ્લાના જોવાલાયક સ્થળ

- ઈડરનો ગઢ
- ખેડબ્રહ્માનું અંબાજી મંદિર
- ખેડબ્રહ્માનું બ્રહ્મા મંદિર
- ગુણભાંખરી (ચિત્રવિચિત્રનો મેળો)

Scanned with CamScanner

# ઈડરનો ગઢ



ઈડરિયા ગઢ ઉપર તળાવ, પવન પાવડીઓ, સર્પ આકારના પથ્થરો, મહેલની પાસે આવેલો પકોડી આકાર ધરાવતો પથ્થર તેમજ સનસેટ પોઈન્ટ જેવા સ્થળો આવેલા છે. અહીં આશરે ત્રણ કિલોમીટરના અંતરે ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્રની ભૂમિ તરીકે જાણીતું *શ્રીમદ રાજચન્દ્ર વિહાર* નામનું દિવ્ય સ્થળ આવેલું છે. શહેરમાં પથ્થરની ગુફા અંદર ખોખાનાથ, ચંદ્રેશ્વર, મહંકાલેશ્વર, કાકલેશ્વર નામના શિવાલયો આવેલા છે. ખોખનાથ મહાદેવની બિલકુલ પાસે પ્રાચીન કુંડ જોવાલાયક સ્થળ છે. શહેરમાં અનેકો મંદિરો

Scanned with CamScanner

જોવાલાયક છે. સાથે ઈડર ઘાંટી ઉતરતા પૌરાણિક વાવ આવેલી છે. રાણીના સ્નાન માટે બનાવવામાં આવેલું રાણી તળાવ આવેલું છે જ્યાં હાલ મધ્યમાં જૈન મંદિર બનેલું છે. મંદિરની પાછળ પાંજરાપોળ જોવાલાયક છે. આ ઉપરાંત ઈડરમાં આશરે ૮થી ૧૦ હજાર વર્ષ જૂના શીલાચૈત્રી ગુફાના અવશેષો પણ જોવાલાયક છે. જે સાપવાડા, લાલોડા, ગંભીરપુરામાં આવેલા છે. શહેરની વચ્ચે આવેલો ટાવર શહેરની શોભા વધારે છે જે જોવાલાયક છે. ટાવરની બાજુમાંથી જઈએ તો લાકડાનું રામકડાં બજાર આવેલું જે ઈડરને આગવી ઓળખ અપાવે છે. ઈડરમાં આવેલા શીલા ઉદ્યાન અને આયુર્વેદ વનની મુલાકાત હર કોઈ અવશ્ય કરે છે. શહેરમાં આવેલી ૧૩૦ વર્ષ ઉપર જૂની ઈડરની સર પ્રતાપ હાઈસ્કૂલ પણ જોવા લાયક છે, જ્યાં ઉમાશઁકર જોશી તેમજ પન્નાલાલ પટેલ અભ્યાસ કરી ચુક્યા છે. સદાતપુરામાં આવેલ અરવિંદ ત્રિવેદીનું મકાન જ્યાં તે અવારનવાર આવતા જતા હોય છે. ઈડરિયા ગઢ ડુંગર પાછળ આવેલું કર્ણનાથ મહાદેવનું પૌરાણિક મંદિર અને તેની પાસે આવેલ *બાળ-ગંગા* નામનું પવિત્ર સ્થળ પણ જોવાલાયક છે. સાથે ગોધમજીમાં સદ્‌ગુરુનું સ્થાન અને ત્યાંથી સાબલી જઈએ ત્યાં મહાકાળી માતાનું ગુફામાં મંદિર પણ જોવાલાયક છે.

Scanned with CamScanner

# ખોડબ્રહ્માનું બ્રહ્મા મંદિર



પદ્મપુરાણ મુજબ આ સ્થાન સતયુગમાં બ્રહ્મપુર, ત્રેતાયુગમાં અગ્નિખેત, દ્વાપરયુગમાં હિરણ્યપુર અને કળિયુગમાં તાલુખેત તરીકે ઓળખાતું હતું. પુરાતન બ્રહ્મક્ષેત્ર મુજબ અહી દિગંબર જૈન મંદિરો હોવાનો ઉલ્લેખ મળે છે.

અહીંનો ઈતિહાસ ૧૨મી સદીથી જાણી શકાય છે જ્યારે બ્રહ્માનું મંદિર અને અંબિકા મંદિર કદાચ બાંધવામાં આવ્યા હતા. બ્રહ્મા વાવ આશરે ૧૪મી સદીમાં બંધાયેલી હતી.

Scanned with CamScanner

ભૂતકાળમાં અહીં ફેબ્રુઆરી માસમાં મોટો મેળો ભરાતો હતો જેમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી લોકો આવતા હતા. કાઠિયાવાડના વેપારીઓ હરણાવ નદીના દક્ષિણ કાંઠા પર હાટડીઓ લગાવીને અફીણ, કપડાં, તાંબાના વાસણો, આભૂષણો, કરિયાણું અને ઘોડાઓનો વેપાર કરતા હતા. આ મેળો પંદર દિવસ ચાલતો હતો. તેમાં લગભગ લાખ રૂપિયાનો વેપાર થતો હતો. ઈડર રાજ્યના રાવ કાલિનમલ (લગભગ ૧૬૩૦)ના સમયમાં અંધાધૂંધી વ્યાપતા આ મેળાનું મહત્વ નષ્ટ પામ્યું.

બ્રિટિશ શાસન સમયે ખેડબ્રહ્મા ૧૯૩૩ સુધી મહી કાંઠા એજન્સી હેઠળ હતું અને ત્યારબાદ સાબર કાંઠા એજન્સીમાં આવ્યું. ૧ સપ્ટેમ્બર ૧૯૪૩ના રોજ સાબર કાંઠા એજન્સીને પૂર્વ કાઠિયાવાડ એજન્સીમાં વિલિન કરી દેવાઇ, જે પછી ૧૯૪૪માં પશ્ચિમ ભારત રાજ્ય એજન્સીમાં ભળી ગઇ અને ૧૯૪૭માં તે બરોડા, પશ્ચિમ ભારત અને ગુજરાત રાજ્ય એજન્સી (BWIGSA) બની. ભારતની સ્વતંત્રતા પછી BWIGSA મુંબઈ રાજ્યમાં વિલિન થઇ અને ખેડબ્રહ્માનો સમાવેશ સાબરકાંઠા જિલ્લામાં થયો. ૧૯૬૦માં મુંબઈ રાજ્યનું વિભાજન મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થતા, સાબરકાંઠા ગુજરાતનો ભાગ બન્યું.

Scanned with CamScanner

# ખેડબ્રહ્માનું અંબાજી મંદિર

આ માતાજીનું મંદિર ૧૧મી સદીનું છે, જ્યાં માતાજીના વાહનની સવારી દરેક વાર મુજબ અલગ-અલગ દર્શન થાય છે. એ મુજબ અલંકાર ચઢાવાય છે. મંદિર માં ઘણા વર્ષોથી અખંડ દીપ જલે છે. એ જ્યોતનું પણ વિધિવત પૂજન થાય છે માતાજીના સભામંડપમાં બે ઊંચા ગોખ છે. ત્યાં પૂર્વમાં ગણપતિજી તથા પશ્ચિમમાં ભૈરવ બિરાજે છે. ચોકની આસપાસ રહેલા સભામંડપમાં અન્ય દેવ-દેવીઓની મૂર્તિઓના

Scanned with CamScanner

દર્શન થાય છે. પૂર્વમાં નીચે માં બહુચરા ની મૂર્તિ બિરાજમાન છે.

મા અંબિકા ની સવારી નંદી/વાઘ/ગરુડ/ગજ/મયુર/સિંહ એમ જુદા જુદા વાહન પર કરાતાં માતાજીનું સ્વરૂપ ચંડીકા, મહાકાલી, વૈષ્ણવી, પાર્વતી, અંબિકા, સરસ્વતી એમ અલગ-અલગ સ્વરૂપે જોવા મળે છે.

કાર્તિકી પૂનમે અહીં મેળો ભરાય છે એજ રીતે ભાદરવી પૂનમે પણ મેળો ભરાય છે. તદુપરાંત ચૈત્રી નવરાત્રીમાં અને આસો નવરાત્રીમાં પદયાત્રી, માનવ મેહરામણ ઉમટે છે. નવરાત્રી માં જવારા વાવીને ઘટસ્થપાન કરાય છે. અને ચોક માં ગરબા થાય છે. પોષી પૂનમ અંબાજી નો પ્રાગટ્ય દિવસ હોઈ મોટા અંબાજી જતા સંઘો વિગેરે પણ અહીં જરુર આવે છે. અને દર્શનનો લાભ લેતા જાય છે.

અહીં મંદિરે નવરાત્રી દરમિયાન અગાઉ નાયક કોમ દ્વારા ભવાઈ થતી હતી. જે માતાજી ની ભક્તિ માટે જ કરાતી.

અહીં સવાર-સાંજ વિધિવત પૂજન-સેવા-નૈવેદ્ય તથા આરતી થાય છે. મંદિર ટ્રસ્ટ દ્વારા ઉતારાની સુવિધા તેમજ ભોજનશાળા ચલાવાય છે. એક ઉલ્લેખ મુજબ ખેડબ્રહ્માનું માતાજીનું મંદિર નવમા સૈકાનું બંધાણી આધારે જણાયું છે. એના શિખર માં પાછળથી ફેરફાર કરી નાગરશૈલીનું ઊંચું શિખર કરાયું. ખેડબ્રહ્મા માં બ્રહ્માજીનું પુરાણું મંદિર આવેલું છે,

Scanned with CamScanner

ગુજરાતમાં ફક્ત ખેડબ્રહ્મામાં જ શાસ્ત્રીય રીતે બંધાયેલું બ્રહ્માજીનું મંદિર છે. જ્યાં પૂર્ણ કદની બ્રહ્માની મૂર્તિ છે.

બ્રહ્માજીના મંદિરની બાંધણી પણ નાગર શૈલીની જણાય છે. આ મંદિર પાસે જ પુરાણી વાવ આવેલી છે. તેની રચના જોતા ૧૦માં સૈકા ની જણાય છે.

એક કથા અનુસાર અંબાજી નું મૂળ સ્થાનક ખેડબ્રહ્મા હતું. દાંતા ના રાજવી માતાજીના અનન્ય ઉપાસક હતા. માતાજી દાંતા નરેશ ઉપર પ્રસન્ન થઈને તેમના રાજ્યમાં આવવા તૈયાર થયા. રાજા આગળ ચાલતા હતા,પાછળ માતાજીની સવારી આવતી હતી. રસ્તામાં ગાઢ જંગલ આવતા રાજાને વહેમ થયો કે માતાજી આવે છે કે નહીં એ જોવા એણે પાછળ જોયું. અને ત્યાં જ માતાજી સ્થિર થઈ ગયા. રાજાએ ત્યાં જ મંદિર બંધાવ્યું જે આજે અંબાજીના સ્થળ તરીકે પ્રસિદ્ધ છે.

Scanned with CamScanner

# ચિત્રવિચિત્રનો મેળો

## દંતકથા

આ સ્થળ વિશે દંત કથા એવી છે કે આશરે છ હજાર વર્ષ પૂર્વે હસ્તિનાપુર ખાતે શાંતનુ નામે રાજા શાસન કરતો હતો. એને મત્સ્યગંધા અને ગંગા એમ બે રાણીઓ હતી. રાણી ગંગાનો પુત્ર ગાંગેય અને મત્સયગંધાના બે પુત્રો ચિત્રવીર અને વિચીત્રવીર હતા. શાંતનુ રાજાનું અવસાન થયા બાદ ચિત્રવીર અને વિચીત્રવીર તેની માતાની સેવા કરતા ન હતા. પરતું ગાંગેય હંમેશા તેની ઓરમાન માતાની ભકિતપુર્વક સેવા કરતા હતા. ચિત્રવીર અને વિચીત્રવીરને ગાંગેય માટે માતાની સેવા પ્રત્યે ખોટી શંકા જાગી. આ શંકાના પ્રયાશ્રિત રૂપે ચિત્રવીર અને વિચીત્રવીરે આ સ્થળે અગ્નિસ્નાન કરી દેહનું દહન કરી દોષ નિવારણ કયું હતું.

ચિત્રવિચિત્રનો મેળો ભારત દેશના ગુજરાત રાજ્યનાં સાબરકાંઠા જિલ્લામાં આવેલા પોશિનાતાલુકાના ગુણભાંખરી ગામમાં, મહાભારત કાળનાં ચિત્રવિચિત્ર મહાદેવ મંદિર ખાતે હોળીનાં તહેવાર પછીના ૧૪મા દિવસે યોજવામાં આવે છે. આ મંદિર સાબરમતી, આકુળ અને વ્યાકુળ એમ ત્રણ નદીઓના સંગમસ્થાન પર આવેલું છે.

Scanned with CamScanner

ગુજરાત તેમ જ રાજસ્થાન રાજ્યોમાં આવેલી અરવલ્લીની ગિરિમાળાઓનાં ખોળામાં આવેલા આ વિસ્તારમાં આદિકાળથી આદિવાસીઓ વસવાટ કરે છે. કુદરતનાં સાનિધ્યમાં તેમ જ ગાઢ જંગલોમાં વસતી આદિવાસી પ્રજાનાં તહેવારો, ઉત્સવો, રીતરિવાજો, પરંપરાઓ તેમ જ પોશાકો એમનો મિજાજની ચિત્રવિચિત્રનાં મેળામાં માણવા મળે છે.

Scanned with CamScanner

# ASSIGNMENT

Page ______
Date ______

Patel Zalak Vasantkumar

TY-B.A sem-5

Roll Number :- 87

gujarati

2021-2022

2022-23

# 506 :- ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : અર્વાચીન

1 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યથી અર્વાચીન ગુજરાતી સાહિત્યને તફાવતો જુદાં પાડનારા તફાવતોનો પરિચય કરાવો

→ 19મી સદીનો ઉત્તરાર્ધ પરંપરાગત જીવનના અંતનો સાહિત્યનો પુનરુત્થાનનો ગણી શકાય. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા કવિ દયારામનું ઇ.સ. 1852માં અવસાન થયું ત્યારે ગુજરાતના જનજીવનમાં ઉદ્ભવેલ સામાજિક - ધાર્મિક તેમજ વૈચારિક જાગૃતિના પરિબળો સક્રિય બન્યાં છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સાંકડા ચીલામાંથી અર્વાચીન ગુજરાતી સાહિત્ય મુક્ત થઈ નવો રાજમાર્ગ અંકાર્ય થયું હતું. બારમી - તેરમી સદીથી 19મી સદીના ઉત્તરાર્ધ સુધી ફેલાયેલા મધ્યકાલીન સાહિત્યનો સમયકાળ ઘણો મોટો હતો. તેમ હતાં તેનો સર્જનક્ષેત્ર ઘણો મર્યાદિત હતો. લગભગ બ્રાહ્મણ સદીથી સભાનો સાહિત્યમાં મોટી અનેક પ્રતિભાવાળા કવિઓ આંગળીના વેઢે ગણી શકાય એટલા જ હતા. આ યુગના સર્વ કવિઓએ કવિતાથી ઉપાસના સાહિત્યત્વની સમજથી પ્રેરાઈને નહિ, પરંતુ પરમતત્ત્વની પ્રાપ્તિના ઉદ્દેશથી પ્રેરાઈને કરી હતી. આ કાળની મહત્ત્વાકાંક્ષાઓમાં પ્રવૃત્તિની ઉપેક્ષા હતી. ધર્મ - જાતિ - સંપ્રદાયના પ્રભાવને પરના વર્ચસ્વના બંધનોમાં બંધાયેલું આ યુગનું સાહિત્ય મુખ્યત્વે જૈન, વૈષ્ણવ, શૈવ અને શાક્ત ધર્મ અને તેના વિચારધારાઓના ગતિશીલ પ્રદેશમાં વહેતું હતું.

મધ્યકાલીન જીવન મુખ્યત્વે ધર્મ પરાયણ હતું. આ ગાળાનું સાહિત્ય પણ ધર્મપ્રેરિત અને ધર્મપ્રધાન હતું.

જ્યારે અર્વાચીન સાહિત્ય ધર્મ-સંપ્રદાયની મુક્ત બની સમાજજીવન તરફ અભિમુખ બન્યું હતું. આ યુગના સાહિત્યમાં જીવનના જીવનનાં સામાજિક, રાજકીય, ધાર્મિક, સાંસ્કૃતિક એમ અનેક પાસાંનું પ્રતિબિંબ ઝિલાયું. મધ્યકાલીન સાહિત્ય મોટાભાગે પદ્યમાં જ રચાયું હતું. જ્યારે અર્વાચીન સાહિત્યમાં ગદ્યસાહિત્ય કે વિવિધ પ્રકારે વિપુલ પ્રમાણમાં ખેડાણ થયું તે મધ્યકાલીન સાહિત્યથી તેને જુદી પાડતી મોટી વિશેષતા ગણાવી શકાય, અર્વાચીન યુગની કવિતાઓ પરંપરાગત કાવ્યસ્વરૂપોમાંથી મુક્ત થઈ ઊર્મિકાવ્ય, સૉનેટ, ખંડકાવ્ય, ગઝલ, કરુણપ્રશસ્તિ જેવાં કાવ્યસ્વરૂપો તરફ વળી.

* અર્વાચીન સાહિત્યનાં ઘડતર બળો :- રાજકીય ભૂમિકા :-

19મી સદીના આરંભે ગુજરાતમાં જ નહિ પણ સમગ્ર ભારતભરમાં નવી વિચારધારા અને ક્રાંતિકારક પરિવર્તનની આગાહીઓ મળે પ્રકટ્યું હતું. અંગ્રેજ, ફ્રેન્ચ, ડચ અને પોર્ટુગીઝ પ્રજાએ વેપાર કરતાં સમય તો દોર હાથમાં લીધો.

આ સમયગાળામાં ગુજરાતમાં મોગલ સત્તાનો અસ્તોદય અને ગુજરાતના ઘણા પ્રદેશો પર મરાઠાઓ અને પેશ્વાઓએ હકુમત સ્થાપવા વધારવાના પ્રયત્નોને પરિણામે ઠેકઠેકાણે રજવાડાઓ આવી અંધાધૂંધી વ્યાપેલ હતી. ઈ.સ. 1734માં વડોદરા અને ઈ.સ. 1755માં અમદાવાદ મરાઠાઓએ કબજો કર્યો તો અંગ્રેજો વ્યાપારાર્થે આવ્યા સાંધણી કારણે બ્રિટિશ કંપનીએ દરમ્યાનગીરી કરી અને અંગ્રેજો ફાવ્યાં. તેમણે ગાયકવાડી હકૂમતને પણ સાથ આપ્યો

અંગ્રેજ શાસન નીચે પ્રજાએ શાંતિનો દમ લીધો, પણ
પરિસ્થિતિ આટલી મજબૂત થતી હતી. તેનો તેમને ખ્યાલ ન
આવ્યો. દિન-પ્રતિદિન અંગ્રેજ શાસનનો સત્તાદોર ભારતમાં
વધારે મજબૂત થતો ગયો. જેમ-જેમ હિન્દી પ્રજાને આ
શાંતિ અને સલામતીભર્યા શાસનની ખૂબ ભારે પડેલી
કિંમતનો ખ્યાલ આવતો ગયો. તેમ તેમ તેનો વિરોધ
આવો શરૂ થયો. ગત સદીના ભારતનો રાજ્યવહીવટ ઈસ્ટ
ઈન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ પાર્લામેન્ટે હાથમાં લીધો,
અને મહારાણી વિક્ટોરિયાએ ભારતની પ્રજાને શાંતિ
અને સલામતીનું વચન આપતો ઢંઢેરો બહાર પાડ્યો.

✍ અંગ્રેજ પ્રજાનો સંપર્ક લાભકારક :-

અંગ્રેજ પ્રજા સ્વભાવે વિચક્ષણ, સ્ફૂર્તિવાળી અને
પ્રવૃત્તિશીલ હતી. તેનો સંપર્ક ભારતીય પ્રજાને લાભકારક
નીવડ્યો. અંગ્રેજશાસનનો વિસ્તાર વધતાં તાર, ટપાલ
અને રેલ્વે - વ્યવહાર જેવી સગવડતાનો લાભ મળ્યો.
જેથી પ્રજા વચ્ચેનું અંતર ઘટ્યું. મુદ્રણ યંત્રોની શરૂઆત
થતાં પુસ્તકો છપાવા લાગ્યા. જ્ઞાનપ્રચાર અને પ્રસારની
મોટી અનુકૂળતાઓ ઊભી થઈ. આંગ્લ યુવાન પ્રત્યેની
ભૂગ અને પ્રારબ્ધવાદમાં દૃઢ શ્રદ્ધા કરતાં નિરીક્ષણ
અને તર્કપૂર્ણ બની ગયેલી ભારતીય પ્રજાને અંગ્રેજ
પ્રજાની સીમાતીત જિજ્ઞાસા જ્ઞાનની નવી ક્ષિતિજો સર
કરવા અને આંગ્લ સમૃદ્ધિની પ્રાપ્તિ માટે પ્રેમ
પ્રેરક બની. અનેક સુધારકો, કેળવણીકારો અને
સમાજસેવકોએ આ તરફ લોકોની ધ્યાનશક્તિ જગાડી દીધું

## ગુજરાતમાં સુધારા-પ્રવૃત્તિનો ઉદય :-

ગુજરાતમાં સુધારાપ્રવૃત્તિના પ્રણેતા દુર્ગારામ મહેતાજી હતા. તદુપરાંત દાદોબા પાંડુરંગ, દલપતરામ, દિનમણિશંકર શાસ્ત્રી અને દામોદરદાસ એ ચાર દાદાઓ સુધારાની ઝુંબેશ સક્રિયપણે ભાગ ભજવ્યો. એ જ વર્ષે મુંબઈથી શિલાછાપ યંત્ર મંગાવી તેમણે સુરતમાં પહેલવહેલું છાપખાનું શરૂ કર્યું. 'માનવધર્મ સભા' દ્વારા તેમણે ધર્મના નામે પ્રચલિત જડ ખ્યાલને દૂર કરવા પ્રયત્ન કર્યો.

નર્મદ-દલપતરામના સમયમાં સુધારક પ્રવૃત્તિએ ખાસ્સો વેગ પકડ્યો, દલપતરામે 'હુન્નરખાનની ચડાઈ' દ્વારા અને કરસનદાસ મૂળજીએ સત્યપ્રકાશ દ્વારા સામાજિક દૂષણોને પ્રગટ કરવાનું ચાલુ રાખ્યું. સુધારાવિષયક લખાણો અને ભાષણો દ્વારા પણ સક્રિય કામગીરી આરંભી. બાળલગ્ન, વિધવાવિવાહ સામે તેણે અસાધારણ ઝુંબેશ ઉપાડી. અનેક સામાજિક વિરોધો વચ્ચે તેણે માધવપત નામના બ્રાહ્મણ સાથે દિવાળી નામની બ્રાહ્મણ વિધવાનું પુનર્લગ્ન કરાવી હાહાકાર બોલાવ્યો. કરસનદાસને મળેલો વિજય તો સુધારાનો જ વિજય હતો.

## ધર્મસંરક્ષણ પ્રવૃત્તિ :-

સમાજ-સુધારકોમાંના ઘણા ઉત્સાહથી પ્રેરાઈને સુધારા-પ્રવૃત્તિ કરવાને બદલે આવેશમાં અને સંસ્કૃતિના ઉચ્છેદનનું કાર્ય કરતા કેટલાકને લાગ્યા. દુર્ગારામ મહેતાજી, નર્મદ, કરસનદાસ મૂળજી અને મહીપતરામ નીલકંઠની પ્રવૃત્તિઓ કેટલાકને ધર્મોચ્છેદક લાગી.

તો શિક્ષિત અને બુદ્ધિશાળી વર્ગને પણ એમની પાસેથી ખાસ કંઈ પ્રેરણ થયું નહોતું. તદુપરાંત [illegible] માળખું પણ સુસંગત જણાયું નહોતું. એમાંથી 'પ્રાર્થના સમાજ'ની પ્રવૃત્તિનો આરંભ થયો. 'પ્રાર્થના સમાજ' મૂર્તિવિહીન એકેશ્વરવાદની હિમાયત કરનાર પંથ હતો.

☆ પાશ્ચાત્ય કેળવણીનો પ્રભાવ :-

અર્વાચીન સાહિત્યના ઉદયનું સૌથી મોટું પરિબળ અંગ્રેજી કેળવણી હતી. એ સમયે ભારતમાં કોઈ એક ભાષા કેન્દ્રસ્થાને નહોતી. ભારતની પ્રજાને દેશી પદ્ધતિએ સંસ્કૃત કે ફારસી ભાષાનું જ્ઞાન આપવાને બદલે અંગ્રેજી પદ્ધતિએ કેળવણી આપવાનો નિર્ણય કરી અંગ્રેજોએ એનો અમલ કરી દીધો. મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં યુનિવર્સિટીઓ સ્થપાઈ. તો પહેલાં ખ્રિસ્તી મિશનરીઓએ ધર્મપ્રચારાર્થે સમાજમાં ધર્મ શિક્ષણ અને બાઈબલશિક્ષણનું કાર્ય કર્યું. ઈ.સ. 1820માં 'બોમ્બે એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના થઈ. એ પછી અમદાવાદ, વડોદરા અને જૂનાગઢ પણ કૉલેજો સ્થપાઈ.

☆ ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ :-

સુધારકયુગના નર્મદ, નવલરામ, નંદશંકર, મહીપતરામ જેવા ઘણા સર્જકોએ પાશ્ચાત્ય કેળવણી લીધી હતી. અંગ્રેજી સાહિત્યમાં પણ એ પ્રકારનું સાહિત્ય પ્રગટાવવાની અપેક્ષા જાગી. કવિ નર્મદની પ્રકૃતિ, પ્રણય અને દેશાભિમાન જેવા નવીન વિષયો પર કવિતા કરવાની પ્રારંભ થયો. નર્મદને ગદ્યના પિતાનું બહુમાન મળ્યું.

Scanned with CamScanner

આપણી ભાષાની પ્રથમ નવલકથા 'કરણઘેલો' લખવાનું સૂચન અને પ્રોત્સાહન તેના લેખક નંદશંકર મહેતાને અંગ્રેજ અધિકારીની પ્રેરણાથી 'સિરસી સોસાયટી' શરૂ થઈ હતી. દલપતરામ જેવા અર્વાચીન યુગના અગ્રણી કવિને અંગ્રેજી શિક્ષણ મળ્યું નહોતું. તો પણ ફાર્બસ જેવા સાહિત્ય અને ઈતિહાસના શોખીન અધિકારીના સંપર્કથી તેમના સાહિત્યસર્જનને નવી દિશા અને ઈતિહાસના શોખીન અધિકારીના સંપર્કથી તેમના સાહિત્યસર્જનને નવી દિશા અને નવી ગતિ મળી.

❖ સુધારક યુગની મહત્ત્વની બાબતો / મહત્ત્વના સર્જકો :-

સુધારક યુગના સૌથી અગ્રણી સુધારક અને તેજસ્વી સાહિત્યકાર તરીકે નર્મદનું કાર્ય વિશેષ ઉલ્લેખનીય છે. ગુજરાતમાં અંગ્રેજી કેળવણીનો પ્રચાર-પ્રસાર થતાં એક તરફ સમાજજીવનમાં ક્રાંતિનો ઉદય થયો, અને સમાજસુધારાનો નાદ ઉત્તરોત્તર બુલંદ બનતો ગયો તો બીજી બાજુ અંગ્રેજી સાહિત્યનાં અધ્યયન પરિશીલનથી સાહિત્યકૃતિ ઘણું મોટું પરિવર્તન આવ્યું. આ યુગમાં સંસારસુધારાની ઝુંબેશ અને સાહિત્યપ્રવૃત્તિ એકબીજાની પૂરક-પોષક બની રહી.

સુધારકયુગમાં સાહિત્યક્ષેત્રે અનેક નવપ્રસ્થાનો થયાં. મધ્યકાળમાં નહોતા તેવા અનેકવિધ સાહિત્ય પ્રકારોનું ખેડાણ થયું. મધ્યકાળમાં માત્ર પદ્યમાં જ સાહિત્ય રચાતું હતું જ્યારે આ યુગમાં ગદ્યની શરૂઆત થઈ. મધ્યકાળમાં મોટાભાગે પરલક્ષી કવિતા લખાતી, તેને બદલે આત્મલક્ષી કાવ્યસર્જન થવા લાગ્યું. આ યુગના સાહિત્યકારોનું પ્રધાન લક્ષ્ય સંસાર-સુધારો તરફ હતું.

2 ઉમાશંકર જોશીનો સાહિત્ય જીવન અને કવન લખો.

ઉમાશંકર જેઠાલાલ જોશી (વાસુકી) નો જન્મ 21 જુલાઈ 1911 ના રોજ ઉત્તર ગુજરાતના ઇડર તાલુકાના બામણા ગામમાં થયો હતો. પિતાશ્રી શામળાજી પાસેના ડુંગરોમાં આવેલ બે જાગીરોના કારભારી હતા. એટલે 'ડુંગરવાળા' તરીકે ઓળખાતા. બામણામાં તેમનું ઘર ડુંગરની તળેટીમાં ઠીક ઠીક ઊંચાઈ ઉપર હતું. બાળપણમાં ડુંગરો અને તેની વચ્ચે આવેલા શામળાજીના પ્રકૃતિસૌંદર્યનું પાન કરેલું. બામણામાં ચાર ધોરણ પૂરાં કરીને ત્યાં વધુ સગવડ નહિ હોવાથી ઇડર છાત્રાલયમાં રહીને આગળ ભણ્યા. અહીં પન્નાલાલ પટેલનો સંસર્ગ થયો. મેટ્રિકના અભ્યાસ માટે અમદાવાદ આવ્યાં હતાં સુધામાં 'સરસ્વતીચંદ્ર' ભાગ-1, દલપતકાવ્ય' ગિરધરકૃત 'રામાયણ', સાહિત્યરત્ન, કાવ્યમાધુર્ય, લોર્ડ એવીબરીના 'પ્લેઝર્સ ઓફ લાઇફ' નો ડૉ. હરિપ્રસાદ દેસાઈએ કરેલ અનુવાદ 'સંસારનાં સુખ' વગેરે પુસ્તકોનું વાંચન કર્યું. અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ નંબરે મેટ્રિકની પરીક્ષા આપવાની હતી ત્યાં સત્યાગ્રહની લડત આવી. એટલે અભ્યાસ અધૂરો રહ્યો. 1934માં અર્થશાસ્ત્ર - ઇતિહાસ વિષય સાથે બી.એ. થયા અને 1938માં ગુજરાતી સંસ્કૃત સાથે એમ.એ. પ્રથમ વર્ગમાં પાસ થયાં. 1936માં વિલેપાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે અને 1938માં સિડનહામ કોલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું હતું. 1937માં જ્યોત્સ્નાબહેન સાથે તેમનાં લગ્ન થયાં. 1939માં અમદાવાદ સ્થિર નિવાસ કર્યો.

Scanned with CamScanner

ઉમાશંકરે જેલમાં મરાઠી અને બંગાળી ભાષા શીખવા ઉપરાંત તુકારામના અભંગ તથા રવીન્દ્રનાથનાં કાવ્યો વાંચ્યાં, જેલમાં ભારતદર્શનની આંખ કેળવેલી. 1933માં ગાંધી-ઈરવિન કરાર થતાં કોલેજમાં પાછા ન જતાં ઉમાશંકર ગુજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબ કાલેલકરના અંતેવાસી બન્યા. તેઓ કોલેજમાં પ્રથમ વર્ષમાં હતા ત્યારે આબુ પર્વત પર 'નખી સરોવર ઉપર શરદપૂર્ણિમા' એ રચેલું તેમનું પ્રથમ કાવ્ય.

તેમને પ્રાપ્ત થયેલ અનેક પ્રતિષ્ઠા સ્થાનોમાં ગુજરાત યુનિ.ના કુલપતિપદે, સાહિત્ય અકાદમીના અધ્યક્ષપદે, વિશ્વભારતીના કુલપતિપદે અને ગુજરાતી સાહિત્ય પરિષદના અવીસમા અધિવેશનના પ્રમુખપદે થયેલી તેમની વરણી મુખ્ય છે. તેમની કૃતિઓને મળેલા પુરસ્કારોમાં 1930માં 'ગંગોત્રી' નિમિત્તે રણજિતરામ સુવર્ણચંદ્રક, 1945માં 'પ્રાચીના' નિમિત્તે મહીડા પારિતોષિક અને 1938માં 'નિશીથ' નિમિત્તે ભારતીય જ્ઞાનપીઠનું રૂ. 50,000નું પારિતોષિક મુખ્ય ગણાય છે.

Scanned with CamScanner

Page:

Date :

Patel Priya Nareshbhai

Roll No :- 160

Sem :- 5

Seth Shree B.C shah Art's college

Vadali

Sub :- History 508

PP-47

VISION
A VISION Product (079) 26857428

Scanned with CamScanner

Page:

Date:

* કુમારપાળ રાજા

"કુમારપાળનો સમય સોલંકીવંશનો સુવર્ણયુગ હતો."

-> કુમારપાળ ગુજરાતના ઇતિહાસમાં અભિનવ સિદ્ધરાજ કે સિદ્ધરાજ સમોવડિયા શાસક તરીકે ઓળખવામાં આવે છે.

-> તેણે પોતાને સિદ્ધરાજ દ્વારા વારસામાં મળેલ સામ્રાજ્યની અસ્મિતામાં વૃદ્ધી કરી. તે ઉત્તમ સમ્રાટ કરતાં સદ્ગુણી અને ધર્મપ્રેમી રાજા તરીકે ગુજરાતના ઇતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે

-> તદુપરાંત તેને ગુજરાતના અશોક તરીકે પણ ઓળખવામાં આવે છે.

-> સંસ્કૃત અને પ્રાકૃત 'દ્વયાશ્રય', 'કુમારપાળ ચરિત', 'કુમારપાળ પ્રતિબોધ' અને 'મોહપરાજય' જેવા ગ્રંથોમાં તેની પવિત્ર સ્મૃતિઓ સંઘરાયેલી દેખાય છે.



VISION A VISION Product (079) 26857428

Scanned with CamScanner

* કુમારપાળના પૂર્વજો

→ કુમારપાળની ચોથી પેઢીનો પૂર્વજ ક્ષેમરાજ ભીમદેવની વારાંગના રાણી ચૌલાદેવીનો પુત્ર હતો.

→ તે ઉદયામતીના પુત્ર કર્ણ કરતાં મોટો હોવા છતાં ચૌલાદેવીનું કુળ હલકું હોવાથી તેને રાજગાદી સ્થાપવામાં આવી ન હતી.

→ તેના પુત્ર દેવપ્રસાદને દેથલીની જાગીર સ્થાપવામાં આવી હતી. દેવપ્રસાદના પુત્ર ત્રિભુવનપાળને સિદ્ધરાજે મહામંડલેશ્વર બનાવેલો. આ ત્રિભોવનપાળ નો પુત્ર કુમારપાળ હતો.

→ તેથી સ્વાભાવિક રીતે કુમારપાળ રાજગાદીનો સાચો વારસદાર હતો. પરંતુ તેની પરદાદી ચૌલાદેવી અને તેની માતા કાશ્મીરાદેવીનાં કુલ હલકાં ગણવામાં આવતાં હોવાથી કુમારપાળને સિદ્ધરાજના જીવતાં ઘણીજ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

→ પરંતુ તેના મરણ પછી સહેલાઈથી રાજગાદીએ આવ્યો.


vision
A VISION Product -(079) 26857428
Scanned with CamScanner

## * કુમારપાળની કારકિર્દી

→ કુમારપાળ ઈ.સ 1143માં ગાદીએ આવ્યો હતો.

→ તેની કારકિર્દી પણ સિદ્ધરાજ જેટલી ભવ્ય અને દીર્ઘકાલીન છે.

### (1) કૃષ્ણદેવની શિક્ષા :-

→ કુમારપાળને રાજગાદી આપવાની સિદ્ધરાજની ઈચ્છા ન હોતી. તેથી સિદ્ધરાજના મરણ બાદ કુમારપાળ પોતાના બનેવી કૃષ્ણદેવની મદદથી સરળતાથી રાજગાદી મેળવી શક્યો.

→ કૃષ્ણદેવ સાચો કિંગમેકર હતો.

→ તેથી રાજસભામાં તે વારંવાર કુમારપાળની મશ્કરી કરતો હતો. પરંતુ કુમારપાળે પાટણની ગાદી લોહીના સંબંધોથી મેળવેલ હોવાથી આ મશ્કરીને સહન ન કરી શક્યો નહીં.

→ લોકો કૃષ્ણદેવના હાથપગ ભાંગી અને આંખો ફોડાવીને કડકમાં કડક સજા કરી. આની ધાક બીજા દરબારીઓ ઉપર પણ પડી અને કુમારપાળનો સમ્રાટ તરીકેનો રસ્તો નિષ્કંટક થઈ ગયો.

(૨) સાકંભરી વિજય :

→ સાકંભરીમાં એ સમયે અર્ણોરાજ શાસન કરતો હતો. શાકંભરીની ગાદી ઉપર સોમેશ્વરનો દાવો હોવાથી તેણે તેના પર આક્રમણ કર્યું.

→ કુમારપાળે આબુના વિક્રમસિંહને સાથે લઈને સાંકભરી પર આક્રમણ કર્યું.

→ આ યુદ્ધમાં છેવટે કુમારપાળનો વિજય મળ્યો.

→ વિજયના પ્રતીકરૂપે કુમારપાળે શાકંભરીના શાસકની પુત્રી જલ્હણા સાથે લગ્ન કર્યું.


vision
A VISION Product -(079) 26857428
Scanned with CamScanner

Page :

Date :

(3) વિક્રમસિંહ પદભ્રષ્ટ

→ કુમારપાળ જ્યારે સાકંભરી ઉપર હુમલો કરવા નીકળ્યો હતો તે વખતે આબુના સામંત વિક્રમસિંહે કુમારપાળને પદભ્રષ્ટ કરવા માટે ષડયંત્ર કાવતરું કર્યું. જે પકડાઈ ગયું.

→ પરંતુ કુમારપાળે દીર્ઘ દૃષ્ટિ વાપરી સાકંભરી જીત્યા પછી વિક્રમસિંહને પદભ્રષ્ટ કર્યા.

→ અને તેના ભત્રીજા યશોધવલને આબુનું રાજ્ય સોંપ્યું.

(4) નડ્ડુલ વિજય :-

→ આમ તો નડ્ડુલનું રાજ્ય ગુજરાતના સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું હતું. અને ઈ.સ 1143 થી 1162 સુધી આ રાજ્યમાં દંડનાયક તરીકે વૈજલદેવ હતો.

→ તેના પછી દંડનાયક તરીકે આવેલ આલ્હણદેવ અને તેના વારસો પાટણના રાજાઓની તાબેદારી સ્વીકારતા હતા.


VISION
A VISION Product (079) 26857428
Scanned with CamScanner

Page:
Date :

→ પરંતુ કુમારપાળના સમયમાં નડૂલનો સૂબો બંધિક્ષ નીવડ્યો. પરિણામે નડૂલ પર આક્રમણ કરી કુમારપાળે પુન: નડૂલ પ્રાપ્ત કર્યું.

(5) કિરાડુ પર સત્તા સ્થાપી

→ કિરાડુ પરમાર વંશનો રાજા સોમેશ્વર શાસન કરતો હતો.

→ તેના વિશે સમકાલીન સાહિત્યમાં એવા ઉલ્લેખો મળે છે કે સોમેશ્વરે સિદ્ધરાજની કૃપાથી રાજ્ય મેળવ્યું હતું.

→ આ વિધાન પરથી એમ લાગે છે કે સોમેશ્વરને કુમારપાળ સાથે સંઘર્ષ થયો હશે

→ અને કુમારપાળે તેને હરાવી કિરાડુ પર પોતાની સત્તા દૃઢ કરી હશે.


vision
A VISION Product -(079) 26857428
Scanned with CamScanner

## (6) માળવાના બલ્લાળનો વધ

→ માળવાનો સિદ્ધરાજે ગુજરાત સાથે જોડી દીધું હતું. પરંતુ કુમારપાળ ગુજરાતની ગાદી પર આવ્યો તે સમયે માળવામાં બળવો થયો હોય તેમ લાગે છે.

→ આ વિદ્રોહને કચડવા માટે નાંદોલથી કાકને મોકલવામાં આવેલો. છેવટે આબુના સામંત રાજા યશોધવલે તેને હરાવ્યો હોય તેમ લાગે છે.

→ કારણ કે ઈ.સ 1152 ના આબુ લેખમાં માલવપતિ ને હરાવ્યાનો ઉલ્લેખ છે.

→ ઈ.સ. 1152 ની વડનગરના લેખમાં પણ નોંધ છે કે,

→ માળવાના રાજાના માથાને કુમારપાળે દરવાજા પર લટકાવ્યું હતું.


vision
A VISION Product -(079) 26857428
Scanned with CamScanner

## (7) મલ્લિકાર્જુન અને કુમારપાળ

→ એ વખતે કોંકણમાં મલ્લિકાર્જુન નામનો રાજા શાસન કરતો હતો.

→ 'પ્રબંધ ચિંતામણી', 'કિર્તી કૌમુદી', અને કુમારપાળ ચરિત' માં કોંકણ ના સામંતોનો ઉલ્લેખ આવે છે.

→ તેજપાળ પ્રશસ્તિ પણ નોંધે છે કે ચંદ્રાવતીના ધારાવર્ષે કોંકણની રાણીઓને રોવડાવી. આના પરથી એમ લાગે છે કે કુમારપાળે કોંકણ પર ચઢાઈ કરી તેના રાજા ને હરાવ્યો હતો.

## (8) સોરઠમાં વિદ્રોહ

→ સોરઠને પણ સિદ્ધરાજે પાટણના રાજ્ય સાથે જોડી દીધું હતું.

→ 'પ્રબંધ ચિંતામણી' ના જણાવ્યા પ્રમાણે કુમારપાળના સમયમાં સોરઠમાં વિદ્રોહ થયો હતો.


vision
A VISION Product -(079) 26857428
Scanned with CamScanner

Page:

Date:

→ નડૂલના ચૌહાણ રાજવીના લેખ મુજબ નડૂલનો રાજા કીર્તિપાલ અને અમાત્ય ઉદયન કુમારપાળ વતી આ વિદ્રોહ સમાવવા ગયા હતા.

(9) વિગ્રહરાજ અને કુમારપાળ

→ ઈ.સ 1156ના લેખ પ્રમાણે અર્ણોરાજના પુત્ર વિગ્રહરાજે કુમારપાળની અધીનતા ફગાવી દીધી તેથી,

→ સ્વાભાવિક છે કે તેની શાન ઠેકાણે લાવવા માટે નડૂલ પર કુમારપાળે મતે નહિ પરંતુ ચૌહાણ સામંત આલ્હણ દ્વારા આક્રમણ કરાવ્યું.

→ અને ફરીથી વિગ્રહરાજના રાજ્ય પર વિજય પ્રાપ્ત કર્યો.

(10) કલચુરી રાજા જયકર્ણ

→ જૈન લેખોમાં કુમારપાળની કેટલાક અતિશયોક્તિ-પૂર્ણ પરાક્રમોનો ઉલ્લેખ આવે છે.


VISION
A VISION Product -(079) 26857428
Scanned with CamScanner

-> હેમચંદ્રના નોંધ્યા પ્રમાણે કલચુરી રાજા જયકર્ણ ગુજરાત પર આક્રમણ કર્યું હતું. પરંતુ તેને કોઈપણ પ્રકારની સફળતા મળી ન હોતી.

(11) અન્ય કાર્યો (વિજયો)

-> જૈન ગ્રંથો અને હેમચંદ્રે કલ્યાણીના ચાલુક્ય રાજવીઓના આક્રમણનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ તે આક્રમણ થયું હોય તેમ લાગતું નથી.

-> કેટલાક લેખકોએ કુમારપાળના દિગ્વિજયોની અતિશયોક્તિ પૂર્ણ નોંધ લીધી છે.

-> પરંતુ કુમારપાળે સિદ્ધરાજના રાજ્યવિસ્તારમાં થોડો વધારો કર્યો. ટૂંકમાં તેની પાસે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો થોડોક ભાગ હતો.

-> તેમ માની શકાય. આ ઉપરાંત તેના મિત્રો અને સામંતોનો પણ ઉલ્લેખ સમકાલીન રચનાઓમાં કરાયો છે.



VISION
A VISION Product (079) 26857428

Scanned with CamScanner

## * વહીવટીતંત્ર

→ કુમારપાળે સિદ્ધરાજની માફક સુંદર શાસનવ્યવસ્થા ગોઠવી હતી. ઉદયન અને વાગ્ભટ્ટ જેવા કુમારપાળ ના મહામંત્રી હતા.

→ આ ઉપરાંત આમ્રભટ્ટ અને વાહડ અનુક્રમે દક્ષિણ ગુજરાત અને માળવાના કુમારપાળ ના પ્રતિનિધિઓ તરીકે કામગીરી બજાવતા હતા.

→ સોલાક નામના એક મુત્સદી પાસે શસ્ત્રાગારની હવાલો હતો.

→ આ ઉપરાંત કુમારસિંહ, વાઇડ, મહાદેવ જેવા મહામાત્યોને પણ તેના મંત્રી મંડળ સ્થાન મળ્યું હતું.

→ લલ્લ ધાર્મિક કાર્યોની જવાબદારી બજાવતો હતો. અને કુદ્ર મહાસંધિ વિગ્રહિક ની કામગીરી બજાવતો હતો.

→ જૈન ધર્મની દેખરેખ રાખવાનું કામ અભયકુમાર ને સોંપવામાં આવ્યું હતું.


VISION
A VISION Product (079) 26857428
Scanned with CamScanner

* સામંતો

→ આટલા વિશાળ સામ્રાજ્યનો વહીવટ એકલો હાથે થઈ શકે નહિ તે સ્વાભાવિક છે.

→ તેથી કુમારપાળે યોગ્ય સામંતોની નિમણૂક કરી રાજ્ય ના મહત્વના પ્રદેશોમાં નિમ્યા હતા.

→ ચંદ્રાવતી અર્થાત આબુના પરમાર રાજા યશો ધવલ નાડૂલના ચૌહાણોમાં આલ્હણદેવ અને કેલ્હણદેવ મુખ્ય હતા.

→ કિરાડુનો પરમાર રાજા સોમેશ્વર પણ મહત્વનો સામંત હતો.

→ સમ્રાટ કુમારપાળ પોતાના સામંતો તરફ ચક્રવર્તી શાસક જેવા સંબંધો રાખતો હતો.


vision
A VISION Product (079) 26857428
Scanned with CamScanner

Page:
Date :

* શિલ્પ - સ્થાપત્ય

→ સિદ્ધરાજની માફક કુમારપાળે પણ ગુજરાતના શહેરોનો જૈન મંદિરો, સભાગારો, પૌષધશાળાઓ અને શિવાલયો જેવાં વિવિધ સ્થાપત્યોથી શણગારી દીધાં હતાં.

→ તેણે પાટણમાં કુમારવિહાર તથા ત્રિભોવન વિહાર નામનાં જૈન મંદિરો બંધાવ્યા હતાં.

→ આ ઉપરાંત * પ્રભાસમાં અને શત્રુંજય તથા ગિરનાર પર્વત પર તેણે ઘણાં દેરાસર બંધાવેલાં.

→ વડનગરનો કોટ અને શિવાલય તેના સમય માં તૈયાર થયેલાં.

→ રાજસ્થાનમાં પણ અનેક મંદિરો બંધાવેલાં.

→ કુમારપાળ જૈન ધર્મી હોવા છતાંય અન્યધર્મો તરફ આદર રાખતો હતો.


vision
A VISION Product (079) 26857428
Scanned with CamScanner

કુમારપાળે બંધાયેલા મંદિરો

VISION
A VISION Product (079) 26857428

Scanned with CamScanner

Page:

Date :

## * કુમારપાળના દરબારનાં રત્નો

→ કુમારપાળે વિદ્વાનોને આશ્રય આપ્યો હતો.

→ તેથી હેમચંદ્રાચાર્ય ઉપરાંત રામચંદ્ર, ગુણચંદ્ર, મહેન્દ્રસૂરી, દેવચન્દ્ર, યશચંદ્ર, બાલચંદ્ર, શ્રીપાલનો પુત્ર સિદ્ધપાલ, સોમનો પુત્ર વાગ્ભટ્ટ અને આબુના ધારાવર્ષનો ભાઈ પ્રહલાદન તેના દરબાર માં રત્નો રૂપી બિરાજતા હતા.

## * અન્ય કામગીરી

→ કુમારપાળ એક સદ્ગુણી અને ધર્મપ્રિય શ્રાવક હતો.

→ તેથી તેણે એક ક્રાંતિકારી આદેશ બહાર પાડ્યો હતો. તે હતો અપુત્રિકાધનનો ત્યાગ.


vision
A VISION Product (079) 26857428

Scanned with CamScanner

Page:

Date :

→ તેની પટરાણી અર્થાત મહિષી ભોપાલદેવી પણ રાજકારણમાં સક્રિય રસ લેતી.

→ આ ઉપરાંત જલ્લણ અને રૂપસુંદરી નામની અન્ય રાણીઓ પણ તેના અંતઃપુરને દીપાવતી હતી.

→ કુમારપાળનું વ્યક્તિગત જીવન પણ સાત્વિક હતું.

→ તેણે જુગારનો, મદિરાનો અને માંસનો ત્યાગ કર્યો હતો.

* ઉપસંહાર

→ કુમારપાળનું મૂલ્યાંકન વિવિધ રીતે કરવામાં આવ્યું છે. જૈન પ્રબંધકારોએ તેને જૈન ધર્મનો પ્રભાવક કહ્યો છે.

→ જૈન લેખકોએ તેનું મૂલ્યાંકન કરવામાં અતિશયોક્તિ કરી છે.

→ પરંતુ તે લોકપ્રિય રાજવી હતો.



VISION
A VISION Product (079) 26857428

Scanned with CamScanner

Page :

Date :

→ તે વિશે બેમત નથી. ગુજરાતને અહિંસક બનાવવામાં તેનો સૌથી વિશેષ ફાળો છે.

→ તેણે વિદ્યાને ઉત્તેજન આપવા રાજ્યભરમાં એકવીસ જ્ઞાનભંડારોની સ્થાપના કરી હતી.

→ હેમચંદ્ર વિરચિત યોગશાસ્ત્ર અને વિતરાગ સ્તોત્ર ની પ્રતો સોનાના અક્ષરે તેણે લખાવી હતી.

→ પ્રબંધ ચિંતામણી તેની ભક્તિ અને અભિવાદન કરે છે.

→ મેરુતુંગના મતે તે ડહાપણભર્યો અને વિચાર વાલુમુખ હતો.

→ ડૉ. એ. કે. મજુમદાર તેને હર્ષવર્ધન સાથે સરખાવે છે.

→ કુમારપાળને કલિંગના જૈન શાસક ખારવેલ સાથે પણ સરખાવી શકાય. કારણ કે બંને ધર્મવીર અને કર્મવીર હતા.



VISION
A VISION Product (079) 26857428

Scanned with CamScanner

Page :
Date :







Scanned with CamScanner

Page:

Date:

## * કુમારપાળ રાજાથી બંધાવેલ મંદિરો :-

1. પાલીતાણા મંદિર શત્રુંજય પર્વત

2. જૈન મંદિરો

3. ગિરિનાર ના મંદિર

4. જૈન મંદિર (વિષ્ણુ નગર) પાટણ

5. ભાવનગર મંદિર

→ કુમારપાળે વિવિધ મંદિરો બંધાવેલા છે. તેનો જૈન મંદિરો સિવાય અનેક હિંદુ મંદિરો પણ બંધાવેલા છે.

→ કુમારપાળ જૈન ધર્મ સિવાય બાકી ધર્મમાં પણ માનતો હતો.

→ કુમારપાળ વિવિધ રાજાઓમાં શ્રેષ્ઠ હતો.



vision
A VISION Product

Scanned with CamScanner

→ જૈન મંદિરો 100 વર્ષ પહેલા અનેક જગ્યાએ બંધાયેલા જોવા મળે છે.

→ પાલીતાણા મંદિર એક વિશિષ્ટ જોવા લાયક સ્થળ છે.

→ કુમારપાળ ને ગુજરાતના ઈતિહાસમાં અભિનવ સિદ્ધરાજ કે સિદ્ધરાજ સમોવડિયા શાસક તરીકે ઓળખવામાં આવે છે.

→ કુમારપાળ ના વિવિધ શિલ્પ-સ્થાપત્યો ની ગણી વર્ણ કરવામાં આવી છે.

→ કુમારપાળનો સમય સોલંકીવંશનો સુવર્ણયુગ હતો.

→ આ રીતે કુમારપાળ રાજા ના સમય નું શાસન અને તેને બંધાયેલા વિવિધ મંદિરો ની આજ ના યુગમાં પણ ગણી અહીં વર્ણ કરવામાં આવી છે.


vision
A VISION Product -(079) 26850428
Scanned with CamScanner